**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલત નં.૪ નાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની કોર્ટમાં,**
**મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૪૧૧૦/૨૦૧૮**
**આંકઃ-**

**ફરિયાદીઃ- કારખાના નિરીક્ષક વી.એન. ઠક્કર**

**વિરુદ્ધ**

**આરોપીઃ- ચેતનભાઈ કે. ગુલાટી**
ગોપાલ ટેક્ષટાઈલ મીલ્સ પ્રા.લી.
નારોલ, સરખેજ હાઈવે રોડ,
નારોલ,અમદાવાદ.

---

**-:: હુ ક મ ::-**

પુરસીસ તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો તા.૦૨-૦૯-૨૦૨૧ નાં રોજનો હુકમ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. હાલનાં કેસમાં લાંબા સમયથી આરોપીને સમન્સ/વોરન્ટ બજેલ નથી. આ કેસ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૬૦ મુજબ સમરી ટ્રાયલની વ્યાખ્યામાં આવે છે અને આ કેસ ઘણો જ જુનો હોય, આરોપી નજીકનાં ભવિષ્યમાં મળી આવવાની શક્યતા ન હોય, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાં હુકમ મુજબ હાલનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૧ નાં પ્રબંધ મુજબ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. હાલનાં કેસમાં આરોપીને ઉપરોક્ત ગુનામાં ડિસ્ચાર્જ કરવા હુકમ કરવામાં આવે છે અને તે મુજબ કેસ ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧-૦૯-૨૦૨૧

( ડી.એચ. ખંભાતી )
ન્યાયાધીશ
મજૂર અદાલત નં.૪
અમદાવાદ.